શ્રી મોટી વિરાણી પાટીદાર સમાજ આયોજીત
નવા બંધાયેલ મંદિરમાં

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા પરિવાર દેવોની મૂર્તિઓમાં

卐 પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ 卐

સંવત ૨૦૪૫ શ્રાવણ વદ ૩, ૪, ૫ ને શનીવાર, રવિવાર, સોમવાર
તા. ૧૯-૨૦-૨૧ ઓગષ્ટ ૧૯૮૯



અહેવાલ તથા પાટીદાર સમાજની

ગૌરવગાથા સ્મરણિકા

For Reference See Pages: 14, 15.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

શ્રી મોટી વિરાણી પાટીદાર સમાજ આયોજીત
નવા બંધાયેલ મંદિરમાં

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા પરિવાર દેવોની મૂર્તિઓમાં

卐 પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ 卐

સંવત ૨૦૪૫ શ્રાવણ વદ ૩, ૪, ૫ ને શનીવાર, રવિવાર, સોમવાર
તા. ૧૯-૨૦-૨૧ ઓગષ્ટ ૧૯૮૯



અહેવાલ તથા પાટીદાર સમાજની

ગૌરવગાથા સ્મરણિકા

શ્રી મોટી વિરાણી પાટીદાર સમાજ આયોજીત

નવા બંધાયેલ મંદિરમાં

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા પરિવાર દેવોની મૂર્તિઓમાં

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

સંવત ૨૦૪૫ શ્રાવણ વદ ૩, ૪, ૫ ને શનીવાર, રવિવાર, સોમવાર

તા. ૧૯-૨૦-૨૧ ઓગષ્ટ ૧૯૮૯

અહેવાલ તથા પાટીદાર સમાજની

ગૌરવગાથા સ્મરણિકા

પ્રકાશક :- શ્રી વિરાણી પાટીદાર સમાજ અહેવાલ પ્રકાશન સમિતિ.

સ્મરણિકા પ્રાપ્તિ સ્થાન :
શ્રી વિરાણી પાટીદાર સમાજ
વિરાણી મોટી,
તા. નખત્રાણા-કચ્છ.
પીન : ૩૭૦ ૬૬૫

પ્રકાશક :
શ્રી વિરાણી પાટીદાર સમાજ
અહેવાલ પ્રકાશન સમિતિ
વિરાણી મોટી,
તા. નખત્રાણા-કચ્છ.
પીન : ૩૭૦ ૬૬૫

મુદ્રક :
પ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ન્યુ સ્ટેશન રોડ,
જાનવાણી મેન્શન,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
ફોન : પી. પી. ૨૩૧૮૩

અનુક્રમણિકા...

* આ અહેવાલમાં ત્રુટિઓ રહી જવા પામી હોય તો તે ક્ષમ્ય ગણશો...

લી. શ્રી વિરાણી પાટીદાર સમાજ
અહેવાલ પ્રકાશન સમિતિ

* પ્રુફ રીડીંગ અને પ્રિન્ટીંગમાં રહી ગયેલ ક્ષતિઓ ક્ષમ્ય ગણશો...

— અબજી વિશ્રામ દિવાણી-ભુજ.
— પ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ - ભુજ.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્યસુધારક



જ્ઞાતિરત્ન પટેલ નારાયણજીભાઇ રામજીભાઈ લીમ્બાણી
(વિરાણી મોટી – કચ્છ.)

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ



શ્રી હનુમાનજી, શ્રી ગરૂડજી અને શ્રી ગણેશજી પરિવાર દેવતાઓ



શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન

પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન...

શ્રી વિરાણી પાટીદાર સમાજની "ગૌરવ ગાથા" આપની જાણ માટે પ્રસિદ્ધ કરતાં આનંદ અનુભવીએ છીએ.

કુળદેવી શ્રી ઉમિયા માતાજીની અસીમ કૃપા તથા સંતો વડીલોના આશીર્વાદથી તા. ૨૧-૮-૯૮ના શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના નવા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી તેની ફળશ્રુતિ રૂપે આ પુસ્તિકા પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તિકામાં વિરાણી ગામનો ઇતિહાસ, ગામના પૌરાણિક મંદિરોની આછી રૂપરેખા તેમજ મહાન સંતોની પ્રેરણાથી આપણા સમાજે સાધેલી પ્રગતિની આછી રૂપરેખા આપવામાં આવેલ છે. ઉત્તરોત્તર સમાજ સમૃદ્ધિ, સંસ્કાર અને અભ્યાસના ક્ષેત્રે વિકાસ સાધતો રહે તેવી અભિલાષા સહ...

લધાભાઈ અરજણ સોમજીઆણી
પ્રમુખ
શ્રી વિરાણી પાટીદાર સમાજ

પ્રકાશન સમિતિના બે બોલ...

"ગૌરવ ગાથા" નામની નાનકડી પુસ્તિકા આપની સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તિકામાં વિરાણી ગામનો આછો ઇતિહાસ, પૌરાણિક મંદિરોની રૂપરેખા તેમજ સમાજની પ્રગતિના સોપાનની આછી રૂપરેખા આપવાનો આ નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે.

આ પ્રયાસને સફળ બનાવવા માટે પોતાનો અમુલ્ય ફાળો આપનાર શ્રી વાલજીભાઇ અબજીભાઇ, શ્રી શાંતિલાલ નારાયણ નાકરાણી તથા શ્રી અબજીભાઇ વિશ્રામ કાનાણી વિગેરેએ ખૂબ જ જહેમત ઉઠાવી આ કાર્ય પાર પાડેલ છે.

"ગૌરવ ગાથા" પુસ્તિકા છપાવવા માટે સમાજના અગ્રણી દાતાઓ સર્વેશ્રી (૧) નાનજીભાઇ ખેતાભાઇ બાથાણી, જયપુર-ઓરિસ્સા. (૨) હરિલાલભાઇ કરશનભાઇ બાથાણી, ઇન્દોર. (૩) ગંગદાસભાઇ ખેતાભાઇ કાનાણી, જબલપુર વિગેરેએ ઉદાર દિલે માતબર રકમ ભેટ આપેલ તે બદલ અને આ કાર્યમાં બીજા કાર્યકરોએ આપેલ સહકાર બદલ સૌનો અત્રેથી પ્રકાશન સમિતિ સૌનો આભાર માને છે.

આ પુસ્તિકામાં રહી ગયેલ ક્ષતિઓ બદલ પ્રકાશન સમિતિ ક્ષમા માંગે છે.

પ્રકાશન સમિતિ વતી,
- ગંગદાસ નાનજી સોમજીયાણી

મંદિર પાછળની જાગતિક કલ્પના...

મનુષ્ય મંદિર બનાવે છે. પશુ-પક્ષી-પ્રાણી વગેરે મંદિર બનાવતાં નથી. પશુ રહેવાનું સ્થાન રચે છે, પક્ષી માળો બનાવે છે, કીડી-મકોડા દર બનાવે છે. પરતુ મંદિર કોઈ બનાવતું નથી.

પરમાત્માના આવાસરૂપ મદિર એ માનવનું જાગતિક લક્ષણ છે. પરમાત્માના સૂક્ષ્મ અને ગહન બોધ વગર પરમાત્માના આવાસરૂપ મંદિરનું સર્જન શકય નથી. પરંતુ ભારતિય સસ્કૃતિનાં પ્રતિકો, પ્રક્રિયાઓ અને અન્ય કેટલીય બાબતોમાં જેમ બન્યું છે તેમ જો મંત્ર ખોવાઇ જાય અને તંત્ર રહે કે પછી મંદિરનો અર્થ ખોવાઈ જાય અને આકાર રહે, તો તે આકાર સૌને નિરર્થક અને નિરૂપયોગી લાગવાનો.

મનુષ્યમાં જેમ જેમ સમજણ વિકસતી ગઇ તેમ તેમ તેની ચેતનામાંથી એક ગુંજતી ધૂન ઉભી થઇ. મનુષ્યને અવિરત અને અપેક્ષા વગર સ્મૃતિદાન. શક્તિદાન અને શાંતિદાન દેનાર પરમાત્મા રૂપી શક્તિ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવાના સ્થાનનું સર્જન માનવે અપનાવેલ અનેક વિચારધારાઓએ સ્વીકારેલ છે. કોઇએ આ વિશેષ આવાસને મંદિર, તો કોઇએ મસ્જીદ, કોઇએ ચર્ચ, તો કોઇએ ગુરૂદ્વારા-નામો આ સ્થાનને આપેલ છે. પણ બધી જ કલ્પના પાછળ રહસ્યમય વાત એક જ છે— પ્રભુનું નિવાસ સ્થાન.

અહિં એ યાદ રાખીએ કે પરમાત્મા માટે નિવાસની ધારણા એ ક્ષણોમાં ઉદ્ભવી, જયારે પરમાત્મા એ માત્ર કલ્પનાની વાત નહોતી. પરંતુ અનેક લોકોની અનુભૂતિ હતી. અને એ મહાપુરૂષોની અનુભૂતિને આધારે જ પરમાત્માના અવતરણ અને તેમના માટે એક વિશેષ આવાસનું સર્જન મંદિરરૂપે થયું હતું.

આ વિશિષ્ટ સર્જન મંદિર, એક એવું "પાવરફુલ" ક્ષેત્ર હતું કે જયાં જઈ "ટયુન" થવાથી વિરાટની મહાયાત્રાનો પ્રારંભ થતો હતો. તે ક્ષેત્રમાં પ્રભુસાક્ષાત્કારની અનુભૂતિની શકયતા અનેકગણી હતી. જેમ દુધ ગાયના શરીરમાં બધે પ્રસરેલું છે પણ આંચળમાંથી જ તે પ્રગટ થવાની ક્ષમતા ધરાવે છે તેમ પરમાત્મા સમગ્ર વિશ્વમાં વ્યાપક છે, પરંતુ મંદિરમાં તે અનુભવવાની શકયતા છે.

બીજી રીતે વિચારીએ તો મંદિર એ રેડીઓના ઉપકરણ જેવું છે. આપણી આસપાસ આકાશમાં ધ્વનિનાં મોજાઓ તરંગિત થતાં હોય છે, પરંતુ આ મોજાઓ આપણે સીધા પકડી શકતા નથી. રેડીઓમાં આકાશમાં પ્રસરેલાં એ ધ્વનિ મોજાઓને પકડવાની ક્ષમતા છે. રેડિઓ આ મોજાઓને પકડી મધુર સંગીત આપણા આનંદ માટે રજુ કરે છે. એટલે રડિયો એક માધ્યમ થયું. તે ધ્વનિ મોજાઓને પકડી, આપણા કાન માટે કર્ણપ્રિય સંગીત પ્રગટાવે છે.

આમ મંદિર, રેડીયો કે ટી. વી. ની જેમ 'રસેપ્ટિવ સેંટરો' હતાં. ત્યાં પ્રભુનાં પ્રેમ, કરૂણા,

જ્ઞાન વગેરે તરંગો ઝિલાતાં અને રેડીયોના 'ટ્યુનીંગ' કે ટી.વી.ના 'ટ્રેકિંગ'ની જેમ ફ્રિકવન્સી એડજસ્ટ થઇ જતાં ભકતોને પ્રભુના ભાવ અને અસ્તિત્વની ઝાંખી અને અનુભૂતિ થતી.

પરતું વર્ષો વીતતાં ગયાં, નાળિયેરમાંથી કોપરૂ ખલાસ થઇ ગયું અને કાચલી રહી ગઇ મંદિરમાંથી મંત્ર ખોવાઇ ગયો અને ઇમારત રહી ગઇ, હવે આ ઇમારતમાં સૌને રૂઢિચુસ્તતા કે અંધશ્રદ્ધાના દોષ દેખાય છે. પરતું એ ઇમારતનો દોષ કાઢતાં પહેલાં એ વિચારવું રહ્યું કે દોષ કોનો છે ? દોષ કયાં છે ?

પરમાત્માંના રેડીયો સ્ટેશન પરથી ભાવગીતો સતત રેલાતાં રહે છે અને મંદિરના રેડીયો પર ઝિલાય છે, પરંતુ તે સાંભળવા આપણા "કાન" કયાં તૈયાર છે ?

પરમાત્માના ટી. વી. કેન્દ્ર પરથી જ્ઞાનના કિરણો સતત પ્રગટતાં રહે છે અને મંદિરના ટી. વી. પર તે સતત પ્રગટે છે, પરંતુ તે નીરખવા "આંખ" કયાં તૈયાર છે ?

આપણાં આંખ અને કાન જો તૈયાર હોય તો મંદિર એ એક એવી અલૌકિક ચાવી છે જેનાથી પરમાત્માનાં પ્રેમ અને જ્ઞાનના અખૂટ ભંડારના ખજાના ખૂલી શકે છે. અને આપણે જગતના સમૃદ્ધ સમ્રાટ બની શકીએ છીએ.


(I.A.S પુસ્તકમાંથી સાભાર)

સ્વાધ્યાયી :

શ્રી પ્રફુલકુમાર કે. ઠક્કર,



← વિરાણી ગામનો નકશો



૧. લક્ષ્મીનારાયણ મંદિર નવું
૨. વાછડાદાદા મંદિર
૩. કાશિ વિશ્વનાથ મહાદેવ મંદિર
૪. રામ મંદિર
૫. લક્ષ્મીનારાયણ મંદિર જુનું
૬. સીતળામાતા મંદિર
૭. રામદેવપીર મંદિર
૮. હનુમાન મંદિર
૯. શંકર મંદિર
૧૦. ઠાકર મંદિર
૧૧. સત્યનારાયણ મંદિર
૧૨. રામેશ્વર શિવ મંદિર
૧૩. દરિયાલાલ મંદિર
૧૪. ભૈજનાથ મહાદેવ મંદિર
૧૫. હનુમાન મંદિર
૧૬. હનુમાન મંદિર–બસ સ્ટેન્ડ પાસે,
૧૭. જયગુરૂ મંદિર (જંડુલા બાવા)
૧૮. નાગનાથ મહાદેવ મંદિર
૧૯. ગંગાજી



વિરાણી પાટીદાર સમાજવાડીના પ્રાંગણમાં આધુનિક સગવડતાઓ ધરાવતું શ્રી નારાયણ ભુવન
જેમાં પૂ. નારાયણ બાપાની પ્રતિમા દૃષ્ટિગોચર થાય છે.

વિરાણી ગામનો ઇતિહાસ...

રજપુત જાતિનાં વલાંઓએ આ ગામ લગભગ સાડા ચારસોથી પાંચસો વર્ષ પહેલાં વસાવ્યું છે. તેમના મુખીયા વિરોજી હતા જેના નામ પરથી આ ગામનું નામ વિરાણી પડ્યું હોય એમ લાગે છે.

રજપુત વલાંઓ પર જાડેજા દરબારો ચડી આવ્યા અને વલાંઓને ભગાડયા પણ જાડેજાઓને પોતાની સત્તા અને સમૃદ્ધિ ટકાવી રાખવા કોઇકનો સહારો જોઇએ જે લગભગ અઢીસો વર્ષ પહેલાં વિ. સં. ૧૮૦૫ માં પાટીદારોએ ઊંઝા વિસ્તારથી આંવીને હાલના ગામની ઉગમણી બાજુ બાડાવાળી નદીના કીનારે લાસા નામની ટેકરી પર આવીને વસવાટ કર્યો હતો, તેમને જાડેજા દરબારોએ પોતાની સત્તા જમાવવા અને વિસ્તાર વધારવા જમીનો આપીને ગામમાં વસાવ્યા દરબારોએ જે જમીનો આપી તેને પાટીદારોએ ગોખરૂ બુટા કરી પોતાનો જીવન વ્યવહાર ચલાવ્યો.

બારભાયાની રાજરમત પ્રમાણે જાડેજા દરબારોએ લગભગ અઢીસો વર્ષ પહેલા મુંદ્રા તાલુકાના ગજોડ ગામથી બાહુબળના પ્રભાવથી એક દરવાજો ઉપાડી લાવેલા જે આજે પણ દરબારગઢમાં સારી હાલતમાં મોજુદ છે.

પહેલાના સમયમાં વિરાણી ગામ કંડાવાળો દ્વાર કહેવાતું જે કંડાનું ઝાડ જુનાકાળથી અત્યારે પણ મોજુદ છે, અને વિશાળ કાયા ધરાવે છે. એક વિશાળ તળાવને કિનારે આ કંડાનું ઝાડ હતું પણ સમયના વહેણ સાથે કાળક્રમે ધીમે-ધીમે તળાવ પુરાઇ ગયું પણ કંડો હજુ પણ મોજૂદ છે, અને કંડાના ઝાડની આસપાસ સાટી (મુસ્લીમ) કુટુંબો વસે છે.

વિરાણી મોટી ગામ નખત્રાણાથી લગભગ ત્રણ કિલોમીટર મુખ્ય સડક ભુજ-લખપત ધોરી માર્ગથી અંદર આવેલું ગામ છે. આ ગામ સર્વાંગી વિકાસ પામેલ ગામ છે. તમામ સગવડો ધરાવે છે. રાષ્ટ્રીયકૃત બેંકમાં "બેંક ઓફ ઇંડીયા"ની શાખા ધરાવે છે. સબ પોસ્ટ ઓફિસ છે. સુસજ્જ ગ્રામ પંચાયત તથા તલાટીની કચેરીઓ છે. બસ સ્થાનકની બે ઇમારતો ધરાવે છે. બાળ મંદિર અને પ્રાથમિક શાળા ચાલે છે જેના મકાન બાંધકામનો તમામ ખર્ચ ગ્રામજનોએ આપેલ હતો અને તે ચલાવવા માટે સરકારશ્રીને સુપ્રત કરેલ છે. તાલુકા મથક નખત્રાણા તદન નજીક હોતાં નખત્રાણા ટેલીફોન એકસચેન્જના જ ટેલીફોન નંબરોથી સંકળાયેલ હોતાં સંદેશા વ્યવહારની સેવાઓ પણ બધી ઉપલબ્ધ છે. બસ વ્યવહારથી પણ બધી દિશાઓથી જોડાયેલું છે. ભૂજ - ગાંધીધામ,લખપત-નારાયણ સરોવર, જતાવિરા હાજીપીર-દેવીસર -અરલ-નિરોણા - ભૂજ વગેરે બસ વ્યવહારથી જોડાયેલું છે.

ગામમાં ધર્મનો પ્રસાર...

માનવીની પ્રગતિમાં ધર્મનું એક અનોખું સ્થાન ભારતિય સંસ્કૃતિમાં રહેલું છે. તે અનુસાર સનાતન હિંદુ ધર્મની સર્વવ્યાપકતાનો ખોટો લાભ લઇ અન્ય ધર્મના આગેવાનોએ બિન હિંદુ ધર્મને અપનાવી કડવા પાટીદાર જ્ઞાતિમાં તેનો પ્રસાર કરી દીધો જેમાં વિરાણી ગામ

This is not completely true. This is the effect of not being aware of how brainwashing happens.

In Samvat 1832, what had happened is outwardly/openly accepting Islam religion and cutting off Hindu roots.

Prior to that religious books, belief systems etc were already islamic, under the guise of true Sanatan religion. (People believed this because they were brainwashed.)

પણ બાકાત ન રહ્યું અને વિક્રમ સંવત્ ૧૯૭૦ના શ્રાવણ સુદ-૧૫ના રોજ ગામમાં જ્યોતિષ-ધામ (ખાનાં)ની સ્થાપના થઇ ગઇ આનું મુખ્ય કારણ સનાતન ધર્મના આગેવાનોની બેદરકારી કે આળસુપણું યા અણસમજ હતી તેવી કલ્પના કરી શકાય.

વિ. સં. ૧૮૩૨ પહેલાં બધા શુદ્ધ હિંદુ હતા લગ્ન સંસ્થા બરાબર હતી. ગોર મહારાજ હિંદુ વિધિ પ્રમાણે લગ્ન કરાવવા અમદાવાદથી આવતા પણ વિ. સં. ૧૮૩૨ પછી કચ્છમાં સૈયદો અને કાકાઓનો પીરાણા ધર્મનો પ્રચાર ખૂબ વધી ગયો. તે કાળમાં નખત્રાણાના ખાનામાં બધા ભેગા થયા અને સર્વેને ઇમામશાબાવાને માનવાનો આદેશ કરવામાં આવ્યો કડવા પાટીદારો ઉપર પીરાણા ધર્મ ઠોકી બેસાડવા કેવા-કેવા હથકંડા અપનાવ્યા તેનું વર્ણન શ્રી નારાયણજી રામજી લીમ્બાણીના પુસ્તક "કર્તવ્યના પંથે" માં વિગતવાર વર્ણવેલ છે.

ધર્મ ખોટે રસ્તે જઇ રહ્યો છે તે કેટલાક વડિલોને લાગ્યું. પણ તેનો સામનો કઇ રીતે કરવો. જ્ઞાતિ સુધારણાનો ઝંડો પણ વિરાણી ગામે જ ઉપાડયો. ગામના વડિલ શ્રી સ્વ. નારાયણજી રામજી લીમ્બાણીને મુંબઇમાં ખૂબ કડવા અનુભવો થયા. પણ જ્ઞાતિને સુધારવાનો ધ્યેય ન છોડયો તેમણે કેટલાક સાથીદારો બનાવ્યા તે વખતે આપણી વસ્તી કરાંચીમાં ઘણી હતી. કરાંચીના ભાઇઓને સમજાવ્યા ચર્ચા સભાઓ ભરી છેવટે જ્ઞાતિ સંમેલન ભર્યું ત્યાર પછી બીજુ સંમેલન મુંબઇમાં અને ત્રીજુ સંમેલન ફરી પાછું કરાંચીમાં ભર્યું જ્ઞાતિજનોમાં ખૂબ-ખૂબ પ્રચાર કરી ધર્મની સાચી સમજણ આપી.

શ્રી સ્વ. નારાયણજીબાપા લીમ્બાણીનું કાર્ય વિરાણી ખાતે શ્રી સ્વ. રતનશી ખીમજી ખેતાણી તથા શ્રી શીવદાસ કાનજી નાકરાણીએ ઉપાડી લીધું.હતું. તેમની સાથે તે વખતના યુવાનોમાં કાનજી ડાયા બાથાણી, શીવગણ લાલજી પટેલ, લધા વિશ્રામ સોમજીયાણી, અરજણ પબા ભાણજાણી, ગંગદાસ જેઠા ભાણજાણી વગેરેનો સારો સહયોગ મળ્યો હતો. ધર્મ પ્રચારમાં સૌ સાથે જતા અને જ્ઞાતિજનોને પીરાણા ધર્મ ખોટો છે તે સમજાવતા છેવટે ચોથું સંમેલન વિરાણી મોટી ખાતે લેવામાં આવ્યું જેના પ્રમુખ શ્રી વાલજી ભીમજી નાકરાણી હતા. ત્યાર પછી પ્રચાર-પ્રસાર ખૂબ વધી ગયો. અને છેવટે બધાએ સાથે મળીને સર્વ પ્રથમ લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર વિરાણી મોટી ગામમાં બાંધવું તેમ નક્કી કર્યું પાટીદાર સમાજમાં હિંદુ ધર્મની જાગૃતિ લાવવામાં મુખ્ય ફાળો શ્રી નારાયણજી રામજી લીમ્બાણીનો હતો. મતભેદો ખૂબ ઉત્પન્ન થયા પણ છેવટે લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૮૬ ના શ્રાવણ વદ-૬ ના દિવસે ખાનામાં જ એક તરફના અડધા ભાગમાં કરવામાં આવી. આમ કચ્છમાં કડવા પાટીદારોએ સર્વપ્રથમ લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર વિરાણી મોટી ગામમાં બાંધ્યું. આ મંદિરનો ઇતિહાસ ભવ્ય અને તેજસ્વી છે.

કચ્છમાં ગામેગામ લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરો ઉભાં થાય તે માટેનો પ્રચાર કરવામાં મુખ્ય ફાળો શ્રી રતનશી ખીમજી ખેતાણીનો હતો. તેમણે તન-મન-ધનથી પૂરો સહયોગ આપ્યો હતો.

વિ. સં. ૨૦૧૪ માં શ્રી કરસન શીવદાસ મુખીની પ્રેરણા અને પ્રયત્નથી "જ્યોતિષધામ મંદિર" જે અડધા ભાગમાં ચાલતું હતું તેનો પણ અસ્ત થઇ ગયો અને મોટી વિરાણી પાટીદાર સમાજે ધાર્મિક ક્ષેત્રે પણ એક વિરલ સિદ્ધિ હાંસલ કરી સમગ્ર સમાજનાં ઇતિહાસમાં મોટી વિરાણી ગામનું નામ સુવર્ણાક્ષરે લખાવ્યું જે સતત આજ સુધી ઝળહળીને અન્યને પ્રેરણા આપતું રહ્યું છે.

આ મંદીરમાં પ્રથમ સેવા આપણા પાટીદાર સમાજના ત્રણ વડિલોએ આપી હતી. ત્યાર પછી મંદીરની સેવાનું કામ શંભુ મહારાજને સોંપવામાં આવ્યું શંભુ મહારાજ પછી લક્ષ્મીનારાયણ ભગવાનની સેવાનુ કામ રતીલાલ મહારાજે કર્યું અને હાલમાં જુના મંદિરમાં રેવાશંકર મહારાજ તથા નવા મંદિરમાં વિઠ્ઠલ મહારાજ સેવા-પૂજા કરે છે.

ગામમાં શિક્ષણનો પ્રસાર :-

આજથી લગભગ સોએક વર્ષ પહેલાં જ્ઞાતિજનોમાં ગરીબાઇનું પ્રમાણ ઘણું વધારે હતું જેથી તે વખતે ભણતર નહિવત હતી. પણ ગામમાં એક ખોજા માસ્તર આવ્યા. ખોજા માસ્તરને કણબી પ્રત્યે કુણી લાગણી હતી. ખોજા માસ્તરના આવ્યા પછી કણબી ભણવા લાગ્યા. ત્યાર પછી ટોકરસી માસ્તરને પણ પાટીદારો ઉપર ઘણો સ્નેહ હતો. પાંત્રીસ વર્ષ સુધી તેમણે ગામમાં સેવા આપી. આજ પણ ટોકરસી માસ્તર પાસે ભણી ગયેલા તેમને ખૂબ યાદ કરે છે. આપણા ગામમાં પાટીદારોમાં શિક્ષણનો પ્રભાવ વધ્યો હોય તો તેમાં શ્રી ટોકરસી માસ્તરનો ફાળો મુખ્ય છે.

આપણા ગામમાં અંગ્રેજી શાળા શરૂ કરવાનો વિચાર વડિલ શ્રી નારાયણજી શીવજી નાકરાણીને આવેલ. તેમણે આ અંગ્રેજી શાળા શરૂ કરવા માટે સારી એવી રકમનું દાન પણ કરેલ, પણ તે સમયે તે શાળા શરૂ થઇ શકિ નહિ. પણ શિક્ષણની હોંશ વડિલને ઘણી હતી જેથી પહેલ-વહેલાં સ્કુલ વાણીયાવાડે પીપળાવાળા ડેલામાં શરૂ કરી. થોડાક સમય પછી તે સ્કુલ નારાયણ શીવજી નાકરાણીના મકાનમાં ચલાવવામાં આવી અને ત્યાર બાદ સને ૧૯૫૨ માં લોકફાળા દ્વારા શાળાનું મકાન તૈયાર થયું અને તે સરકારશ્રીને શાળા ચલાવવા માટે અર્પણ કર્યું.

આજે વિરાણી ગામમાં હાઇસ્કુલ શરૂ કરવાનાં ચક્રો ગતિમાન થયાં છે. આશા છે ટુંક સમયમાં આપ સૌના સહયોગથી હાઇસ્કુલ પણ શરૂ થઇ જશે.

સમાજવાડીનું નિર્માણ :-

આમ સમયના વહેણ સાથે સમગ્ર ગામે ધાર્મિક સ્વરૂપે એક રાહ અપનાવ્યો જેથી પરસ્પર પ્રેમ, સંગઠન, એકવાયતા જળવાઇ જેના ફળ સ્વરૂપે સમગ્ર વડિલોની દૃષ્ટિ સામાજીક પ્રગતિ તરફ વળી અને જરૂરી આવશ્યકતાઓ તરફ પ્રયાણ કર્યું ગામની વસતીને અનુરૂપ તહેવારો તથા સામાજીક પ્રસંગોએ પડતી અગવડતાનો સામનો કરવા સને ૧૯૬૧માં બસ સ્ટેન્ડ પાસે એક

વિશાળ પ્લોટમાં સમાજવાડીનું નિર્માણ કર્યું આ સમાજવાડીની જમીન લેવામાં મુખ્ય ભાગ શ્રી નારાયણ શીવજી નાકરાણીનો હતો તેમના અથાગ પ્રયત્નોથી સમાજવાડીની આ જમીન ફકીરભાવા પાસેથી ખરીદવામાં આવી અને તે રકમ શ્રી નારાયણ શીવજી નાકરાણી, કરસન સીવદાસ દિવાણી ખેતા ગોપાળ કાનાણી અને ખેતા કરસન ગોરાણી પાસેથી લોન લઇને ચૂકતે કરવામાં આવેલ હતી. આ વડિલશ્રીની દીર્ઘદૃષ્ટિથી જ તે સમયે ઘણો મોટો લાગતો પ્લોટ લેવાયો હતો આજે આ વાડીમાં લગ્નો, ભોજન સમારંભ, તહેવારો વગેરેની ઉજવણી ખૂબ સારી રીતે કરવામાં આવે છે.

શ્રી નારાયણ ભુવનનું નિર્માણ :

સમાજવાડીનો પ્લોટ ખૂબ વિશાળ છે. હાલમાં ગામનો વિકાસ કોટડા (જ.) તરફ થઇ રહ્યો છે. જેથી આ સમાજવાડીનો પ્લોટ ગામની વચ્ચોવચ્ચ આવી જતાં મોકાનું સ્થળ પુરવાર થયું છે. સમાજનું મકાન બાંધવું જરૂરી હતું. મકાનના બાંધકામની શરૂઆત કરવા માટે ગામવાસીઓમાં ઉત્સાહ ઉભો કરવામાં શ્રી પ્રેમજી કરસન છાભૈયાનો મુખ્ય ફાળો હતો. તેમણે મકાન બાંધકામ શરૂ કરવા ફાળો આપી બાંધકામની શરૂઆત કરી જેથી ગામવાસીઓના ઉત્સાહમાં ખૂબ વધારો થયો અને છેલ્લા પાંચેક વર્ષની અથાગ મહેનતથી સમાજવાડીમા "શ્રી નારાયણ ભુવન" ઉભું થઇ ગયું. પાટીદાર જ્ઞાતિના આદ્ય સુધારક-આપણા ગામના જ વડિલ શ્રી નારાયણજી રામજી લીમ્બાણીની કાયમી યાદગીરી રૂપે સમાજવાડીના મકાનનું નામ "શ્રી નારાયણ ભુવન" રાખવામાં આવ્યું. આ "શ્રી નારાયણ ભુવન" માં વિશાળ સુસજ્જ રૂમો, રસોડું, ભોજનાલય, બાથરૂમ, સંડાસ તથા પાર્કિંગ વ્યવસ્થા વગેરેની સગવડો કરાવવામાં આવેલ છે. સિવાય પાટીદાર સમાજ તથા યુવક મંડળની અલાયદી ઓફીસો આવેલી છે. સ્ટોર રૂમ વગેરે બનાવવામાં આવેલ છે. જેનો બહોળા પ્રમાણમાં ગ્રામજનો લાભ લઇ રહ્યાં છે.

આદ્ય સુધારક સ્વ. નારાયણજી રામજી લીમ્બાણીની જન્મ શતાબ્દી :-

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સર્વોમાન્ય આદ્યસુધારક પૂજ્ય વડિલ સ્વ. નારાયણજી રામજી લીમ્બાણીની જન્મ શતાબ્દી વિ.સં. ૨૦૪૦ વૈશાખ સુદ-૧૫ મંગળવાર, તા. ૧૫/૪/૧૯૮૪ ના ભવ્યતાથી ઉજવી અને તેમની કાયમી સ્મૃતી સ્વરૂપે સમાજવાડીમાં અર્ધ પ્રતિમા મૂકી તેની અનાવરણ વિધિ પ. પૂ. શ્રી વાલદાસજી મહારાજના વરદ હસ્તે કરાવી ભવ્ય સમારંભ યોજેલ. આ પ્રતિમા આજે સૌને પાટીદાર સમાજવાડીમાં પ્રેરણા આપી રહેલ છે. નખત્રાણા ખાતે વિદ્યાર્થી ભુવનમાં પણ શ્રી નારાયણજી બાપાની પ્રતિમા ભેટ આપવાનું મોટી વિરાણી પાટીદાર સમાજે નક્કી કરેલ છે.

ગામમાં ધાર્મિક સંસ્થાઓ :-

સર્વાંગી વિકાસ પામેલ ગામ હોવા છતાં ધર્મનો પ્રભાવ પહેલાંથી જ આ ગામ ઉપર ખુબ રહ્યો છે. જુના વખતથી જ સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓ ધર્મ પ્રચાર માટે આવતા.

ગામમાં એક મોટી ધર્મશાળા આવેલી છે જે સંત શ્રી આત્મારામજી એ બંધાવેલ છે જે તે સમયે સનાતન ધર્મના પ્રચારનું મુખ્ય સ્ત્રોત હતું, ગામના પ્રમાણમાં આપણા ગામમાં મંદિરોની સંખ્યા ઓગણીસ થવા જાય છે. કચ્છમા કદાચ એકજ ગામમાં વધુ મંદીરો હોય તેવા ગામમાં આપણા વિરાણી ગામનોજ નંબર લાગે એમ છે. તેનું ગૌરવ આપણે લઇ શકીએ છીએ. (મંદીરોનાં સ્થાન દર્શાવતો ગામનો નકશો આ પુસ્તિકામાં અન્યત્ર આપેલ છે.)

(૧) લક્ષ્મીનારાયણ ભગવાનનાં બે મંદિર છે.

લક્ષ્મીનારાયણ ભગવાનનું પ્રથમ મંદિર વચલા ચોકમાં છે. જેની પાન મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિ. સંવત ૧૯૮૬ શ્રાવણ વદ-૬ ના કરી હતી. આ. મંદિરનો ઇતિહાસ કંઇક જુદો જ છે. કડવા પાટીદારોમાં કચ્છમાં સર્વ પ્રથમ વિરાણી ગામમાં આ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરની સ્થાપના કરવામાં આવેલ છે જે ગામનું એક અણમોલ નઝરાણું-સ્મારક છે.
બીજું લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર હાલમાંજ બનાવવામાં આવેલ છે જે બસ સ્ટેન્ડની પાસે અને પાટીદાર સમાજવાડીની સામે જ બનાવવામાં આવેલ છે. નિજ મંદિર પથ્થરનું છે અને પ્રાર્થના હોલ આર.સી.સી. નો બનાવવામાં આવેલ છે. મંદિરમાં મૂર્તિઓ આરસપહાણની બનાવેલ છે. આ મંદિરમાં લક્ષ્મીનારાયણ ભગવાનની મૂર્તિઓ સાથે શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી તથા શ્રી ગરૂડજીની મૂર્તિઓ પણ રાખવામાં આવેલ છે. આ મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ વિ. સંવત ૨૦૪૫ શ્રાવણ વદ ૩-૪-૫ ને શનીવાર, રવિવાર અને સોમવાર તા. ૧૯-૨૦-૨૧ ઓગષ્ટ ૧૯૮૯ ના રાખવામાં આવેલ હતો.

(૨) ભગવાન શીવજીનાં પાંચ પૌરાણિક મંદિરો છે.

૧. કલ્યાણેશ્વર મહાદેવનું મંદિર દક્ષિણ ઝાંપે આવેલું છે.
૨. રામેશ્વર મહાદેવનું મંદિર વથાણમાં દરિયાસ્થાનમાં આવેલું છે.
૩. ખીજનાથ મહાદેવનું મંદિર દરબારગઢની બાજુમાં આવેલું છે.
૪. નાગનાથ મહાદેવનું મંદિર બસસ્ટેન્ડ પાસે જયગુરૂના મંદિરની બાજુમાં આવેલું છે.
૫. કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર બજારમાં આવેલું છે.

(૩) શ્રી હનુમાનજીનાં ત્રણ મંદિરો આવેલાં છે.

એક દક્ષિણ ઝાંપે, બીજું દરબારગઢની બાજુમાં તથા ત્રીજું બસ સ્ટેન્ડ પાસે આવેલું છે.

(૪) શ્રી રામ મંદિર.

આ રામ મંદિર રવિભાણ સંપ્રદાયના મહંત શ્રી સ્વ. સકનદાસજીના દ્વારામાં આવેલું છે. જેના શ્રી પ્રિયાદાસજી તથા શ્રી લક્ષ્મીદાસજી શિષ્યો થઇ ગયા. હાલમાં શ્રી શાંતીદાસજી આ મંદિરમાં સેવા આપે છે. આ રામ મંદિરમાં મા ઉમિયાની તથા શ્રી દતાત્રય ભગવાનની મૂર્તિઓ પણ છે.

(૫) પથ્થરના કોતરકામથી બનાવવામાં આવેલ વર્ષો જુંનું એક ઠાકર મંદિર જુના ગરબી ચોકની ઉત્તર બાજુએ આવેલું છે.

(૬) એક રામદેવ મંદિર દક્ષિણ ઝાંપે આવેલું છે. તેનો જીર્ણોદ્ધાર હરીજનોએ કર્યો છે અને તેની સેવા-પૂજા પણ તેઓજ કરેછે.

(૭) એક શીતળા માતાનું મંદિર પણ દક્ષિણ ઝાંપે શીવજીના મંદિરની બાજુમાં આવેલું છે.

(૮) એક દરિયાલાલનું મંદિર દરિયાસ્થાનમાં આવેલું છે જે લોહાણા મહાજનનું દેવસ્થાન છે.

(૯) એક જયગુરૂનું મંદિર છે જે બસ સ્ટેન્ડ પાસે નાગનાથ મહાદેવના મંદિરની સામેજ છે.

(૧૦) એક સત્યનારાયણ ભગવાનનું મંદિર પણ છે જે ઠાકર મંદિરની પાછળના ભાગમાં આવેલું છે.

(૧૧) એક વાછડાદાદાનું મંદિર પણ છે જે વાગાણી ફળીયામાં આવેલું છે. ત્યાં નવરાત્રી દરમ્યાન વાછડાદાદા મિત્ર મંડળ દ્વારા રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવે છે.

(૧૨) સિવાય ગામની નજીક દેવીસર રોડ પર પવિત્ર ગંગાજી આવેલ છે. ગૌમુખી ગંગા છે. જમીનના પેટાળમાંથી અવિરત પાણી ગૌમુખ દ્વારા આવ્યા કરે છે. ધાર્મિક વિધિઓ આ ઘાટ ઉપર થાય છે. ગંગાજીની એક ધાર્મિક સ્થળમાં ગણત્રી થાય છે, જેથી શ્રદ્ધાળુઓ, યાત્રાળુઓ, પદયાત્રીઓથી તથા ભજન-કિર્તન થી ગામનું વાતાવરણ હમેશાં ગુંજતું રહે છે.

વિશેષમાં આપણા ગામની દક્ષિણ-પૂર્વ દિશામાં આપણા પૂર્વજોમાં શૂરવીરો થઇ ગયા તેના પાળીયા (સૂરધન અને સતીઓ) આ એક ઠેકાણે રાખવામાં આવેલા છે જેમાં દિવાણી-નાકરાણી -દડગા પરિવારના સૂરધન છે. આની સામેજ એક પ્રાચિન સ્મારક આવેલ છે જેને છતેડી કહેવામાં આવે છે. આ છતેડી લુહાર-સુતાર જ્ઞાતીના વડિલોનાં સ્મારક છે એવી લોકવાયકા છે.

વિરાણી ગામના સંતો-મહંતો :-

વિરાણી ગામ એ સંતો- મહંતોની તપોભૂમી છે.

* અગાઉ હિંગરીયામાં હરી સાહેબ સંત થઇ ગયા. તેમના શિષ્ય મકનદાસજી. ગુરૂજીના આદેશથી મકનદાસજીએ વિરાણી આવી તપ કર્યું અને સનાતન ધર્મનો પ્રસાર કર્યો. કાળક્રમે મકનદાસજીએ રવિભાણ આશ્રમની સ્થાપના કરી જે આજે પણ મકનદાસજીના દ્વારાના નામથી ચાલે છે. મકનદાસજીને કોઇ શિષ્ય ન હતા પણ ધર્મના પ્રસારમાં ફરતાં-ફરતાં તેમને એક પાંચ વર્ષના બાળકનો સંગાથ થયો. તેને પાળી-પોષી મોટો કર્યો-તે પ્રિયાદાસજી. આ પ્રિયાદાસજીને અને પાટીદાર જ્ઞાતિમાં ધર્મની ક્રાંતિ લાવનાર શ્રી ઓધવરામજી મહારાજને બન્ને સગા ભાઇ જેવો સ્નેહ. શ્રી પ્રિયાદાસજીએ તથા શ્રી ઓધવરામજી મહારાજે પાટીદાર જ્ઞાતિમાં ધર્મનો પ્રચાર કરી લોકોને ભકિતના માર્ગે વાળ્યા હતા. પ્રિયાદાસજીના શિષ્ય લક્ષ્મીદાસજી જેમણે વિરાણી ગામમાં પ્રથમ રામમંદિર ની સ્થાપના કરી છે. હાલમાં લક્ષ્મીદાસજીના શિષ્ય શાંતીદાસજી વિરાણી ગામમાં મકનદાસજીના દ્વારામાં રહિને ધર્મનો પ્રસાર કરે છે.

* જંડુલાબાવાના નામે એક સન્યાસી થઇ ગયા જે વચલા ચોકમાં જુના મંદિરની બાજુમાં રહેતા અને ધર્મનો પ્રસાર કરતા. આજે પણ તેમની સમાધી (દેરી) બસ સ્ટેશન પર આવેલી છે.

* રામદાસ મહારાજ પણ વિરાણીમાં એક સંત થઇ ગયા જે ગામની ઉગમણે ચાકી પાડામાં રહેતા હતા અને ધર્મનો પ્રસાર કરતા હતા.

* ઝવેર ભગત પણ એક સંત થઇ ગયા જેમણે વિરાણી ગામની પાસે પખડા ડુંગરમાં તપ કરેલ જયાં એક ભોયરૂં છે તેમાં રહેતા હતા. તેને આજે પણ ઝવેર ભગતનું ભોયરૂં કહેછે.

* તીલકદાસ મહારાજ પણ વિરાણીના જ હતા. શરીર હરીજનનું હતું પણ ધર્મનો પ્રસાર ખૂબ કર્યો. તેઓ કબીર સંપ્રદાયના સંત હતા. પાછળથી તેઓ ભારાપર જઇ ત્યાં ધર્મ પ્રસાર કર્યો હતો. આજે પણ તેમનાં ભજનો ગવાય છે.

* રાજાબાપા પણ એક સિદ્ધ પુરૂષ થઇ ગયા. તેઓ કાનાણી કુળના હતા તેઓ માવજીબાપાના ગુરૂ હતા. રાજાબાપાનાં ફઇ કાનબાઇ સતી થઇ ગયાં તે પણ વિરાણીની દિકરી હતાં.

* વિનુભાઇ ભગત ધનાણી કુટુંબના છે. નાની ઉમરમાં ધર્મનાં પુસ્તકો નો ઉંડો અભ્યાસ કર્યો છે. વિનુભાઇ શરીરે અપંગ હોવા છતાં પોતાના ઘેર સતત રાત-દિવસ ધાર્મિક વિચારોનો પ્રચાર-ગોષ્ઠી વગેરે કરી સતસંગની જયોતને પ્રજવલિત રાખે છે.

* શ્રી ચંદુલાલ ખીમજી ધનાણીના સુપુત્ર શ્રી શાંતીલાલભાઇ પણ નાની ઉમરમાં હરીદ્વાર ખાતે ગાયત્રી પરિવારમાં (શાંતીકુંજ-હરીદ્વારમાં) ધર્મનો અભ્યાસ કરી પારંગત થયા છે અને હાલે તેઓ દેશ તથા વિદેશમાં ધર્મના પ્રચાર માટે ફરી રહ્યા છે.

* અરજણભાઇ વાલજીભાઇ નાકરાણી (નરસીંગાણી) એ વિરાણી ગામમાં સ્વાધ્યાય પ્રવૃતિ ચાલુ કરી હતી અને જીવન પર્યંત તેઓ આ પ્રવૃતિ ચલાવતા રહ્યા. જ્ઞાન, કર્મ અને ભકિતથી સ્વાધ્યાયની જયોતને જલતી રાખી. શ્લોકો અને મંત્રોનો પ્રચાર કરી વૈદિક વિચાર ધારાનો ફેલાવો કરવામાં સક્રિય રહ્યા. પ્રભાતફેરી અને ભક્તિફેરી દ્વારા સમાજમાં સ્વાધ્યાયના વિચારોનો પ્રસાર કર્યો. આજે તેમના પ્રયાસોથી સ્વાધ્યાય પ્રવૃતિ સારી રીતે ચાલે છે.

કળા-કારિગરોનો વારસો :-

ગામમાં ગોગારી પરિવારના વડિલો ઉત્તમ શિલ્પકાર હતા. લધા ભીમજી ગોગારી તથા તેમના સુપુત્રો રામજી, દેવજી ભીમજી તથા મુળજી ભીમજીએ ગામમાં તથા કચ્છનાં બીજા ગામોમાં મંદિરો તથા સ્મારકો પથ્થરમાં નકશીકામ કરીને બનાવ્યાં છે, જે આજેપણ આપણે આ મંદિરો તથા સ્મારકો જોઇ શકિએ છીએ.

પાટીદાર સમાજની પ્રવૃતિઓ:-

વિરાણી ગામમાં પાટીદાર ભાઇ-બહેનોની ત્રણ સંસ્થાઓ ચાલે છે. (૧) વિરાણી પાટીદાર સમાજ,

(૨) વિરાણી પાટીદાર યુવક મંડળ, (૩) વિરાણી પાટીદાર મહિલા મંડળ. વ્યવસ્થિત આપસી સંપ-સલાહથી આ સંસ્થાઓ ચાલે છે. દરેક પ્રવૃતિમાં સહિયારો સહયોગ હોય છે.

* અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્ય સુધારક સ્વ. નારાયણજી રામજી લીમ્બાણીની જન્મ શતાબ્દી વર્ષ નિમિતે તેમની અર્ધ પ્રતિમાનું સમાજવાડીમાં અનાવરણ કરવામાં આવ્યું. તેમનું જીવન ચરિત્ર આલેખતું પુસ્તક "પંથ પ્રકાશક" શ્રી અબજી વિશ્રામ કાનાણી દ્વારા સંપાદિત કરી વિમોચન કરવામાં આવેલ. અને દર વર્ષે તેમનો જન્મ દિવસ સમાજવાડીમાં સમાજ-યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા ઉજવવામાં આવે છે.

* વિરાણી મોટી ગામના કચ્છમાં રહેતાં તથા કચ્છ બહાર સ્થાઇ થયેલ પાટીદાર ભાઇ-બહેનોની સંપૂર્ણ માહિતિ દર્શાવતું પુસ્તક યુવક મંડળ દ્વારા પ્રગટ કરવામાં આવેલ છે.

* સમાજના નેજા હેઠળ બાળ મંદિરનું સંચાલન યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે. સ્વ. રતનશી ખીમજી ખેતાણી પરિવાર તરફથી બંધાવી અપાયેલ "પટેલ મેઘબાઇ રતનશી ખીમજી ખેતાણી" બાલ મંદિર અને શિવણ વર્ગ ઓગષ્ટ-૧૯૮૬થી ચાલે છે. જેમાં ભૂલકાઓ બાળ મંદિરનું શિક્ષણ અને બહેનો શીવણ વર્ગનો લાભ લઇ રહી છે.

* શાળામાં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થી ભાઇ બહેનોને મફત પાઠય પુસ્તકો તેમજ અન્ય તમામને પડતર કિમતે પાઠય પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે.

* પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૪ સુધી અભ્યાસ કરતાં બાળકોમાં પાયાનું શિક્ષણ સચોટ અપાય તે હેતુથી સમાજવાડીના ભોજન ખંડમાં સ્કુલના સમય સિવાય ટયુસન આપવામાં આવે છે. જેનું સંચાલન યુવક મંડળ દ્વારા સમાજની બહેનોને માનદ વેતન આપી કરવામાં આવે છે. – જે સાચા શિક્ષણનો મજબૂત પાયો બનાવવામાં ઉપયોગી પૂરવાર થયું છે.

* રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃતીઓ દર વર્ષે યોજાય છે. યુવાનો વિવિધ રમતોની હરીફાઇનું આયોજન કરે છે. નવરાત્રી દરમ્યાન યુવાનો પોતે પાત્રો ભજવી નાટકોનું આયોજન કરે છે. જન્માષ્ટમી ઉપર જુના મંદિરમાં પૂતળાં બનાવી (ઇલેકટ્રીકથી સંચાલીત) ભવ્ય પ્રદર્શન ગોઠવે છે. આનો લાભ આજુબાજુનાં ગામના લોકો પણ લે છે.

* સમાજની કેન્દ્રીય કચેરીથી મળતા આદેશો, નિયમોનું પાલન સમયસર કરવામાં આવે છે. તથા શ્રી ઉમિયા માતાજી-વાંઢાયથી આવતા આદેશો અનુસાર ફંડ-ફાળા-દાન વગેરે ભેગું કરી પહોચતું કરવામાં આવે છે.

* સમાજમાં નાના-મોટા વિવાદોનું સરળ નિરાકરણ સમાજ દ્વારા કરવામાં આવે છે. જેમાં સૌને સંતોષ છે.

* દુષ્કાળ જેવા પ્રસંગોએ ગાયોના નિરણ કેન્દ્ર શરૂ કરી ચારાની વ્યવસ્થા કરવામાં આવે છે.

* ગામના વિકાસમા સક્રિય ફાળો આપે છે. જેવાં કે બસ સ્ટેન્ડ થી સમાજવાડીના પ્રવેશ દ્વાર સુધી સીમેંટ રોડ બનાવવામાં આવેલ છે જેમાં સમાજે તન-મન અને ધનથી સહયોગ આપેલ છે

* રામનવમી નિમિત્તે અનાજ અને રોકડ રકમની ભેટ મેળવી સમાજનાં સાધારણ કુટુંબોને તેમજ અન્ય લોકોને તેની મદદ કરવામાં આવે છે. અનાજ વિશેષ પ્રમાણમાં ભેગું કરીને તેમાંથી વિદ્યાર્થી ભુવન-નખત્રાણા, ઉમિયા માતાજી સંસ્થાન-વાંઢાય પણ મોકલવામાં આવે છે. સિવાય પંખીઓને ચણ તથા સાધુઓને પણ તેમાંથી જ અનાજ અપાય છે. આ પ્રમાણે સામાજીક ધોરણે ધાર્મિક કાર્યો થઇ રહ્યાં છે.

* વિશેષમાં હાલમાં અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજના આદેશ મુજબ સમાજ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવે છે. સમાજના દરેક સ્તરના લોકો આ કાર્યક્રમમાં ભાગ લે છે. સૌના સહિયારા સહયોગથી ઓછા ખર્ચે અને આ ભવ્ય કાર્યક્રમમાં મા-બાપ પોતાના બાળકોને પરણાવે છે. સંવત ૨૦૪૭માં બાર યુગલો અને સંવત ૨૦૪૮માં આઠ યુગલો અને સંવત ૨૦૪૯માં ૧૧ યુગલો આ સમુહ-લગ્નમાં પરણ્યાં હતા.

(સમાજ, મહિલા મંડળ તથા યુવક મંડળના કારોબારી સદસ્યોના નામોની યાદી આ પુસ્તિકામાં અન્યત્ર છાપેલ છે.)

મોટી વિરાણીના રહેવાસીઓની વિશિષ્ટ સિદ્ધિઓ :-

* શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્ય સુધારક સ્વ. શ્રી નારાયણજી રામજી લીંબાણી ક્રાંતિવિરનું વતન.

* શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક મંડળ (સ્થાપના-મુંબઇ)ના પ્રથમ મંત્રી સ્વ. શ્રી રતનશી ખીમજી ખેતાણીનું વતન.

* શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (મુખ્ય કાર્યાલય-નખત્રાણા)ના પ્રથમ પ્રમુખ શ્રી શીવદાસ કાનજી સોમજીયાણી (નાકરાણી)નું વતન.

* પાટીદાર સમાજના પ્રથમ રેલ્વે કોન્ટ્રેકટર તથા મુંબઇ જેવા ગીચ શહેરમાં નારાયણ નગરનું નિર્માણ કરનાર સ્વ. શ્રી નારાયણ શીવજી નાકરાણીનું વતન.

* શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રથમ બેરીસ્ટર એટ-લૉ શ્રી વિરેન્દ્રભાઈ શીવદાસભાઇ સોમજીયાણી (નાકરાણી)નું વતન.

* "પાટીદાર સંદેશ"ના તંત્રી શ્રી શામજી રામજી બાથાણી-હાલે સાણંદ, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં નાની ઉમરે નાયબ સચિવનો હોદ્દો (સચિવાલય-ગાંધીનગર) ધરાવતા પ્રથમ યુવાનનું વતન.

* "જાગૃતી" માસિક-કચ્છ કડવા પાટીદાર સમાજનું અગાઉનું મુખપત્રના પ્રથમ તંત્રી શ્રી દેવશી રામજી ગોગારીનું વતન.

* ભારતની સ્વાતંત્ર્યતા અગાઉ "પાટીદાર પત્રિકા" (પ્રસિદ્ધિ નાગપુર યુવક મંડળ) નામનું સમાજનું મુખપત્ર પ્રગટ કરનાર પત્રિકાના તંત્રી શ્રી પચાણભાઇ શીવજીભાઇ સોમજીયાણી (નાકરાણી)નું વતન.
* શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના મહામંત્રી શ્રી અબજીભાઇ વિશ્રામ કાનાણી (મેનેજર બેન્ક ઓફ બરોડા)નું વતન.
* "જ્યોતિષ ધામ"ને કચ્છમાં સૌ પ્રથમ સંપૂર્ણ તીલાંજલી આપનાર ક્રાંતિવિરોની ભૂમી.
* ઇન્ડીયન એર લાઇન્સમાં પાયલોટ તરીકે સેવા આપનાર કચ્છ કડવા પાટીદાર સમાજમાં પ્રથમ પાયલોટ બનનાર શ્રી કૌશિક સોમજીયાણીનું વતન.
* ઉચ્ચ અભ્યાસ કરી ગામમાં પ્રથમ સીવીલ ઇન્જીનીયર બનનાર શ્રી અમૃતલાલ રામજીભાઇ નાકરાણી–જેમના પ્લાન મુજબ હાલનું ભૂજનું બસ સ્ટેન્ડ બનાવવામાં આવેલ છે તેમનું વતન.
* તબીબી ક્ષેત્રે ગામના પ્રથમ ડોકટર (આંખના સર્જન) બની વિદેશમાં સેવા આપનાર ડૉ. વેલજી રામજી નાકરાણી M.B.B.S., D.O.M.S.D.O. (LONDON)નું વતન.
* તબીબી ક્ષેત્રે ગામના દ્વિતિય ડોકટર બની અમદાવાદમાં સેવા આપનાર શ્રી ડૉ. દલપતભાઇ દેવશીભાઇ ગોગારી M.B.B.S નું વતન.
* ઉચ્ચ અભ્યાસમાં ગામના પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી રણછોડભાઇ નાનજીભાઇ બાથાણી (હાલે અમદાવાદ)નું વતન.
* ઉચ્ચ અભ્યાસમાં L.L.M.-ઇન્ટરનેશનલ લૉ ની કચ્છ કડવા પાટીદાર સમાજમાં પ્રથમ ડિગ્રી પ્રાપ્ત કરનાર જયશ્રીબેન વિરેન્દ્રભાઇ સોમજીયાણીનું વતન.
* અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા તથા ધનસુરામાં પ્રથમ છાત્રાલયના બાંધકામના કોન્ટ્રેકટર શ્રી કરમશી મનજી માનાણીનું વતન.

અમોને ઉપરોક્ત બાબતોનું ગૌરવ છે.

— મોટી વિરાણીના ગ્રામજનો.



ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

* અનેરા આનંદનો ઉત્સવ *

કચ્છમાં કડવા પાટીદાર જ્ઞાતિમાં સૌ પ્રથમ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની રચના આપણા વિરાણી ગામમાં કચ્છી અષાઢી વર્ષ ૧૯૮૬ માં કરવામાં આવી અને ત્યારે મંદિરમાં પાન મૂર્તિની સ્થાપના કરી પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યાર પછી કચ્છમાં લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરોની ગામે ગામ સ્થાપનાં થવા લાગી. સમય અને સમૃદ્ધિના સથવારે મંદિરોના નિર્માણમાં ભવ્યતા દેખાવા લાગી. જે નવું મંદિર બને તે પાછળનાં મંદિરો કરતાં ભવ્ય બને. આપણા ગામનું આ લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર એક ઐતિહાસિક મહત્વ ધરાવે છે. આપણા ગામના વડિલોએ આ મંદિરની સ્થાપનામાં ખૂન-પસિનો એક કરી અથાગ મહેનત કરી હતી અને ગામવાસીઓને ધાર્મિક પ્રવૃતિ તરફ વાળ્યાં હતાં.

કચ્છ આખામાં મંદિરો બાંધવાની હવા ફરી વળી હતી તેમાં વિરાણી ગામ પાછળ કેમ રહી જાય. પણ વિરાણી ગામનું લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર ઐતિહાસિક મંદિર છે તેનું શું કરવું. આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવો કે નવું મંદિર બનાવવું તેના વિચારમાં જ વર્ષો લાગ્યાં અંતે સૌ ગામજનોની તા. ૧૪–૫–૮૬ ની સભામાં એક રાયથી જુના મંદિરને સ્મારક તરિકે જાળવી રાખવું અને નવા મંદિર બનાવવા માટેનો વિચાર રજુ થયો. દરવર્ષે લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનો પાટોત્સવ ઉજવવામાં આવે છે તે મુજબ તા. ૨૪/૨૬–૮–૮૬ ના પાટોત્સવની ઊજવણી પ્રસંગે ભેગા થયેલા ગ્રામજનોની સભામાં નવા મંદિર બનાવવા માટેનો વિચાર રજુ થયો અને સૌએ એક મતે વધાવી લીધો. નવા મંદિરના બાંધકામ માટેની પૂર્વ તૈયારીઓ તડામાર ચાલુ કરી દીધી આજ સભામાં બાંધકામ સમિતિ તથા ફાળા સમિતિની પણ નિમણુંક કરી જેનાં નામો આ પુસ્તિકામાં અન્યત્ર આપેલ છે.

નવા મંદિર માટે જગાની શોધ અને તેની વ્યવસ્થા કરવા માટેનાં ચક્રો ગતીમાન થયાં. લક્ષ્મીનારાયણ ભગવાનનાં નવા મંદિર માટે સમાજવાડીના મુખ્ય દ્વારની સામેનો વાડો ખાલી પડયો હતો તેના પર પસંદગી ઉતારવામાં આવી. ભગવદ કાર્યમાં મારી જમીન વપરાય છે તેમ સમજી વાડાવાળા ભાઇઓએ તે વાડો મંદિર બાંધવા માટે યોગ્ય કિમત લઇ તે આપી દીધો. આ પૂરો પ્લોટ આઠ માલિકો પાસેથી સંપાદિત કર્યો જેમાં વાટાઘાટાઓ-ચર્ચા વિચારણા અને મૂલ્ય વગેરેના પ્રશ્નોના નિરાકરણે પૂરા ત્રણ વર્ષ લીધાં અને ધર્મપ્રેમી વડિલોએ સ્વપ્નમાં કંઇક થશે તેવા દર્શન કર્યા.

મંદિર માટેની જગા મળી જતાં મદિરના બાંધકામ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી. પ્રાર્થના હોલ તથા નિજ મંદિરના નકશા બનાવ્યા. ગામજનોની સમક્ષ રજુ કર્યા અને

પાસ કરી બાંધકામની શરૂઆત કરી. તા. ૨૩-૧-૮૮ ના પ્રાર્થના હોલના ખાત મુહુર્તથી શરૂઆત કરવામાં આવી. આ પ્રાર્થના હોલનું ખાતમુહુર્ત શ્રી માવજી વસ્તા રૂડાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ભગવાન લક્ષ્મીનારાયણનું મંદિર પહેલાં R. C C. નું બનાવવાનું નક્કિ કરવામાં આવેલ હતું પણ કુદરતનો સંકેત કંઇક જુદોજ હતો. જેની ભાવના સારી હોય છે તે કામ પણ સુંદર જ થાય છે. સંજોગોવસાત બાંધકામ સમિતિના ભાઇઓ મુંબઇના ભાઇઓ પાસે સલાહ સૂચન લેવા મુંબઇ ગયા ત્યારે સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજની પ્રેરણાથી શ્રી વિનુભાઇ સોમપુરાનો સમ્પર્ક થયો. સોમપુરા પરિવાર ભારતભરમાં મંદિરો બાંધવાના કાર્યમા લાગેલા છે અને તેઓ મંદિરો બાંધવાના કામના નિષ્ણાત છે. વિનુભાઇ સોમપુરાની સલાહ થઇ કે નિજ મંદિર પથ્થરનું બનાવવું અને પ્રાર્થના હોલ R C. C. નો બનાવવો. આ સલાહની મુંબઇ ગયેલા વડિલોએ વિરાણી પરત આવી ગામજનોની સભામાં રજુઆત કરી જેનો સહર્ષ સ્વિકાર કરવામાં આવ્યો. સાથે સાથે આપણા આ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનું બાંધકામ પણ સોમપુરા પરિવારના હસ્તેજ કરાવવું તેવું નક્કિ કરવામાં આવ્યું. મંદિર બાંધકામની શરૂઆત નિજ મંદિરના ભૂમી પૂજન તા. ૨૬-૧૧-૮૮ ના સવારના ૯-૦૫ કલાકે કરી શરૂઆત કરવમાં આવી. અને શિલારોપણ વિધિ તા. ૧૨-૧૨-૮૮ ના સવારના ૭-૨૫ કલાકે કરવામાં આવી.

મંદિરના બાંધકામથી લઇને પૂર્ણાહુતી સુધી દરેકે દરેક કામની જાણકારી વખતોવખત ગ્રામજનોની જાહેરસભા લઇ સૌને જાણકારી આપવામાં આવતી હતી આ જાહેરસભામાં વિરાણી ગામના કચ્છ બહાર રહેતાં ભાઇ-બહેનોને પણ બોલાવવામાં આવતાં હતાં જે કચ્છ બહાર રહેતાં ભાઈ-બહેનો પોતાનાં કામકાજ છોડીને આ ભગવાનના કામમાં સમ્પૂર્ણ સહકાર આપતાં હતાં

મંદિરનું બાંધકામ સમયબદ્ધ રીતે ચાલી રહ્યું હતું મૂર્તિઓ કેવી અને કેટલી રાખવી તેની ચર્ચામાં તા. ૭-૩-૮૯ ની સભામાં મુંબઇથી સ્વ. નારાયણ શીવજી નાકરાણી પરિવારના સભ્યો પધારેલ હતા તમણે મંદિરમાં લાગતી મૂર્તિઓનો ખર્ચ માતાજી હાંસબાઇ નારાયણ તરફથી માતાજી કુંવરબાઇ તથા સ્વ. માવિત્ર નારાયણ શીવજી નાકરાણીના સ્મારણાર્થે આપવાની જાહેરાત કરી જે સૌએ સહર્ષ વધાવી લીધી.

ઉનાળો એ કચ્છમાં લગનસરાની મોસમ છે. આ પ્રસંગે કચ્છ બહાર ધંધા-રોજગાર માટે વસતાં ભાઇ-બહેનો મોટી સંખ્યામાં કચ્છમા આવે છે. આ નિમિતે તા. ૪-૬-૮૯ ના એક સામાન્ય સભા મળી હતી, જેમાં મંદિરના કાર્યની સમિક્ષા કરવામાં આવી. મંદિરનું કામકાજ લગભગ જન્માષ્ટમી સુધીમાં પુરૂં થઇ જશે તેવો અભિપ્રાય વિનુભાઇ સોમપુરાનો મળ્યો. જેથી આ સભામાં લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ આપણા પ્રથમ મંદિરના પાટોત્સવના દિવસેજ એટલે વિ. સં. ૨૦૪૫ શ્રાવણ વદ-૬ ના રાખવાનું નક્કિ કરવામાં આવ્યું

ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરનું કામકાજ પુર ઝડપે થઇ રહ્યું હતું શ્રાવણ વદ-૬ ના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ રાખવાનું નક્કિ થઇ ગયું જેથી આ મહોત્સવની પૂર્વ તૈયારીઓ કરવા

માટે કાર્યકરોની એક સભા અષાઢી બીજ તા.૫-૭-૮૯ના રાખવામાં આવી જેમાં કચ્છ બહાર વસતા ભાઇ બહેનોને જાણ કરી અને તમામ કાર્યકરોને ભેગા કરી મહોત્સવની તૈયારીઓની શરૂઆત કરવામાં આવી.

તા. ૫-૭-૮૯ ની સભામાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંગેની સૌ કાર્યકરોને જાણ કરવામાં આવી અને આ મહોત્સવને કેમ વધુ સારી રીતે ઉજવી શકાય તે માટેની વિચારણા કરવામાં આવી આ સભા બે દિવસ તા. ૫-૭-૮૯ તથા તા. ૬-૭-૮૯ દિવસ-રાત ચાલી. કાર્યકરો જમવાનું તથા ઉંઘવાનું પણ ભૂલી ગયા હોય તેવુ વાતાવરણ સર્જાયુ હતું. દરેકના મનમાં મહોત્સવ અદ્‌ભૂત થાય તેવી તલાવેલી હતી.

મહોત્સવના સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી. વિવિધ સમિતિઓ બનાવવામાં આવી. (સમિતિના કાર્યકરોનાં નામ આ સ્મરણિકામાં અન્યત્ર છાપવામાં આવેલ છે.) દરેક સમિતિના સદસ્યોને તેમના કામની સમજ આપવામાં આવી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ત્રણ દિવસનો તા. ૧૯-૨૦-૨૧ ઓગષ્ટ ૧૯૮૯ સુધી રાખવો તેવું નકિક કરવામાં આવ્યું. મુખ્ય આચાર્ય માટે હંસરાજભાઇ જોષી-વિથોણવાળાને મળીને નકિક કરવાનું રાખ્યું. તા. ૬-૭-૮૯ ના સવારના જ સમાજના વડિલો વિથોણ ઉપડયા અને શ્રી હંસરાજભાઇ જોષી સાથે વિગતે ચર્ચા કરી તેમની સહમતી લઇ પરત આવ્યા. આ મહોત્સવમાં પધારવા માટે ભારતભરમાં નિમંત્રણ પત્રિકાઓ મોકલવી તે માટે છ હજાર પત્રિકાઓ છપાવવી તેમ નકિક કર્યું. (પાછળથી ઓછી પડતાં બે હજાર પત્રિકાઓ વધુ છપાવી) નિમંત્રણ પત્રિકા વિતરણ માટે ભારતભરથી આવેલ વિરાણીવાસી ભાઇઓને જ ઝોન પ્રમાણે પત્રિકાઓ આપવી અને તેઓ પોતાના વિસ્તારમાં પત્રિકાનું વિતરણ કરે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી.

મહોત્સવની તૈયારીઓ માટે તથા ભૂજના સંમ્પર્ક માટે તેમ જ આ મહોત્સવની તૈયારીઓ માટે આવેલા કાર્યકરોની તથા મહોત્સવમાં ભાગ લેવા માટે ભારતભરમાંથી આવનાર જ્ઞાતિજનોની સગવડતા માટે ટેલીફોનનું ટેમ્પરરી કનેકશન પણ લેવાનું નકિક કરવામાં આવ્યું

મહોત્સવનું આયોજન ઘણા વિશાળ પાયા પર કરવાનું હોવાથી મંડપ બાંધવા માટેની જગા પણ વિશાળ જોઇએ જેથી મંડપના ત્રણ વિભાગ કર્યા. (૧) યજ્ઞ મંડપ (૨) સભા મંડપ અને (૩) રસોડું તથા ભોજનાલય મંડપ બધું મળીને લગભગ સાઠ હજાર સ્કે. ફુટ મંડપ બાંધવાનું નકિક કરવામાં આવ્યું.

વિરાણી ગામમાં આવું આયોજન પ્રથમ વખત થતું હોવાથી આ મહોત્સવની યાદ હમેશાં રહે તે માટે સ્મૃતિ ચિન્હો બનાવવાનું પણ નકિક કરવામાં આવ્યું. ચાંદીના સિકકા નંગ-૧૦૦૦ તથા કીચેન નંગ-૨૦૦૦ બનાવવાનું નકિક કરી કામ પણ સોંપાઇ ગયાં. મહોત્સવની વ્યવસ્થા જાળવવા તથા કાર્યકરોની ઓળખ માટે બિલ્લા બનાવવાનું પણ નકિક કરવામાં આવ્યું.

ત્યાર પછી મુખ્ય અને મહત્વની રસોડા વિભાગની ચર્ચા-વિચારણા કરવામાં આવી. મહેમાનોની નોંધ કરી જમણવારની તથા દરેક ટાઇમે જમવા આવતાં માણસોની સંખ્યાની નોંધ કરી. દરેક ટાંણાની રસોઇ શું બનાવવી તે સુદ્ધાં નોંધ કરવામાં આવી. અને ઘી તો દેશીજ વાપરવું

એવું સર્વાનુમતે નક્કિ કર્યું પણ આવડા મોટા કાર્યક્રમમાં લગભગ પચાસેક ડબા દેશી ઘીની આવશ્યકતા પડશે. કચ્છ બહાર રહેતા ભાઇઓને વિચાર થયો કે આટલું ઘી ભેગું કરવું ક્યાંથી. પણ ડબાની નોંધ ચાલુ કરી કે જોતજોતામાં ગામના ભાઇઓએ બધા ડબા નોંધાવી દીધા. પાછળથી બીજા રહી ગયેલા ગામવાસીઓને જાણ થતાં ડબાની નોંધ લખાવવા આવ્યા જેમને સવિનય ના પાડવી પડી. ભોજન તથા રસોડા મંડપ માટે વિચારણા કરતાં નવા વિકસતા પ્લોટોમાં શ્રી જેઠાભાઇ કાનજી પટેલના પ્લોટમાં ભોજન ગ્રહણ કરવા માટે મંડપ બનાવવો તથા જોડેનાજ શ્રી કચરાભાઇ વાલજી દિવાણીના પ્લોટમાં રસોડું તૈયાર કરવાનું નક્કિ કરવામાં આવ્યું.

તા. ૬-૭-૮૯ ના બપોર પછી મહોત્સવની જરૂરી કામકાજનું વિતરણ નીચે મુજબ કરી સૌ ભાઇઓ વિખરાયા.

(૧) પત્રિકા છપાઇ, મંડપ માટે કોટેશન
ચાંદિના સિક્કા તથા ટેલીફોન અરજી — શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી, ભુજ.
(૨) લાઇટીંગ માટે કોટેશન વગેરે — શ્રી હરિલાલ કરસનભાઇ બાથાણી, ઇન્દોર
(૩) કિચેન બનાવવા માટે — શ્રી હરિલાલ ધનજીભાઇ અખિયાણી, વડોદરા
(૪) દરેક પ્રકારના બિલ્લા બનાવવા— શ્રી વાલજીભાઇ અબજીભાઇ વાગાણી, નાગપુર.

આ પ્રમાણે બે દિવસમાં સમગ્ર મહોત્સવની રૂપરેખા તૈયાર કરી નાખી અને સૌ વિખરાયા પણ મુખ્ય જવાબદારીવાળા કાર્યકરોને ખાસ સૂચના આપવામાં આવી કે તા. ૧-૮-૮૯થી આ કાર્યમાં લાગી જવાનું છે. કચ્છ બહાર રહેતા કાર્યકરોને ખાસ કહેવામાં આવ્યું. બાકીના કાર્યકરો તા. ૧૦-૮-૮૯ થી અચૂક હાજરી આપે તેવી સૂચનાઓ બધાને આપી સૌ વિખરાયા. કચ્છ બહાર રહેતા કાર્યકરોને ભાગે આવેલ કામમાં તેઓ લાગી ગયા અને કચ્છમાં રહેતા કાર્યકરો પોતાના કાર્યમાં લાગી ગયા.

નવનિર્મિત લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની વિગત.

(૧) મંદિર સ્થળનું વર્ણન :

ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા પરિવાર દેવતાઓનો હાલે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો તે મંદિરના વિશાળ પ્લોટમાં ૧૦૫ ફુટ × ૫૦ ફુટ માં મંદિરનું બાંધકામ કરવામાં આવેલ છે. ઉત્તરભાગ ખૂલ્લો પ્રાંગણ સ્વરૂપે છે. પશ્ચિમમુખે દ્વારની સામે ગામમાં જતી સડક છે. અને તેની સામેજ પાટીદાર સમાજવાડીનું મુખ્ય પ્રવેશદ્વાર છે. દક્ષિણ દિશામાં ગામમાં જતી શેરી (સડક) આવેલ છે. પૂરેપૂરા પ્લોટની ફરતે આકર્ષક દિવાલ બનાવવામાં આવી છે. જેનાં ત્રણ દ્વાર છે જેથી કોઇ પણ રસ્તેથી આવનાર ભાઇ-બહેન મંદિરમાં પ્રવેશી શકે છે.

બાંધકામ કરવામાં આવેલ ભાગના બે ભાગ કરીએ તો એક નિજ મંદિર અને બીજો તેની સાથે જોડાએલ વિશાળ પ્રાર્થના હોલ છે. (જેનું ચિત્ર આ સ્મરણિકામાં અન્યત્ર આપવામાં આવેલ છે.)

(૨) નિજ મંદિર :-

શિખર બંધ નિજ મંદિર ૨૪ ફુટ × ૨૪ ફુટની ચોરસ જગામાં પર ફુટ ઉંચુ બાંધવામાં આવેલ છે. જેના ઉપર ધ્વજ દંડ સાડા ત્રણ ઇંચ વ્યાસવાળો પીતળનો શિખરની ટોચથી ૧૨'-૧" ફુટ લાંબો ચડાવવામાં આવેલ છે. જેની ધજા આકર્ષક કપડામાં બાર ફુટ × બે ફુટ લંબ ચોરસમાં છે. આ શિખરનું નકશીકામ ધ્રાંગધ્રાના લાલ પથ્થરમાં શિલ્પકાર શ્રી વિનુભાઇ તથા શ્રી રમણિકભાઇ સોમપુરાના માર્ગદર્શન હેઠળ તમામ શિલ્પકામ રાજસ્થાનના કારીગરો દ્વારા કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ શિખરના બાંધકામમાં કયાંય આર. સી. સી. નો ઉપયોગ કરવામાં આવેલ નથી. ફકત કોતરકામથી જ આકાર આપવામાં આવેલ છે. કચ્છ જીલ્લામાં આજ સુધીમાં બંધાયેલ લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરોમાં આ બેજોડ મંદિર છે. નિજ મંદિરની અંદરનો ભાગ સમ્પૂર્ણ મકરાણા (રાજસ્થાન) ના આરસપહાણથી મઢવામાં આવેલ છે.

(3) પ્રાર્થના ખંડ :-

નિજ મંદિરને સંલગ્ન વિશાળ પ્રાર્થના ખંડ ૬૫ ફુટ × ૬૫ ફુટ ષટકોણમાં વીસ ફુટ ઉંચો બનાવેલ છે જેની ડિઝાઇન ભોપાલમાં રહેતા વિરાણીવાસી ભાઇશ્રી ભીમજીભાઇ લધાભાઇ અખિયાણીએ બનાવેલ છે. વિશાળ પ્રાર્થના ખંડમાં વચ્ચે કયાંય કોલમ ઉભા કરવામાં આવેલ નથી. આ હોલનુ આર. સી. સી. માળખું મુંબઇના પ્રખ્યાત સીવીલ ઇન્જીનીયર શ્રી રામજીભાઇ જે. લીમ્બાણી, દરશડીવાળાના માર્ગદર્શન હેઠળ માનદ્ સેવાથી બનાવવામાં આવેલ છે. પ્રાર્થના ખંડના ત્રણ દરવાજા છે. જેમાંથી પશ્ચિમ મુખે આવેલ મુખ્ય દરવાજો છે જેને અસલ સાગના લાકડામાંથી શ્રી ડાયાભાઇ અરજણ નાકરાણીના માર્ગદર્શન હેઠળ ગામનાં જ કારીગરોએ નકશીકામ કરી સ્લાઇડીંગ પદ્ધતિવાળો બનાવેલ છે, જેનું માપ ૯ ફુટ × ૮ ફુટ લંબચોરસ સ્વરૂપે ખૂબજ વિશિષ્ટતા અને આકર્ષણ ધરાવે છે. પ્રાર્થના હોલના ભોંયતળીયા તથા દિવાલોને પણ આરસપહાણથી સજાવેલ છે. સામેની દિવાલ પર આરસપહાણ ઉપર કોતરકામ કરી આરતી તથા પ્રાર્થનાના શ્લોકો મંદિરની શોભા તથા ધાર્મિક વાતાવરણ ઉંભુ કરવામાં મહદ્ અંશે ભાગ ભજવે છે.

(૪) ભગવાનની મૂર્તિઓ :-

નિજ મંદિરમાં શ્રી નારાયણ ભગવાન તથા શ્રી લક્ષ્મીજીની અનુક્રમે ૬૩ ઇંચ અને ૬૧ ઇંચ ઉંચી આરસપહાણની મૂર્તિઓ તથા શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી, તથા શ્રી ગરૂડજીની મૂર્તિઓ બિરાજમાન છે. આટલી વિશાળ પૂર્ણ કદ ધરાવતી ભગવાનની મૂર્તિઓ કચ્છમાં અન્ય મંદિરોમાં જવલ્લેજ જોવા મળશે. આ મૂર્તિઓ જયપુર (રાજસ્થાન) માં બનાવવામાં આવેલ છે. નિજ મંદિરના મુખ્ય દ્વાર ઉપર કુળદેવી શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ કોતરકામ કરીને બનાવવામાં આવેલ છે. મંદિરની પરિક્રમ્મા આરસપહાણથી શુશોભિત છે જેની બન્ને બાજુએ ગોખલામાં લાઉડ-સ્પીકરની ગોઠવણી કરવામાં આવેલ છે.

તા. ૧-૮-૮૯ થી મહોત્સવનું કાર્યાલય વ્યવસ્થિત ચાલુ થઈ ગયુ અને કચ્છ બહારથી કાર્યકરોનો પ્રવાહ પણ ચાલુ થઈ ગયો. સમયબદ્ધ કામ થઇ રહ્યું હતું કોઇના પણ કામમાં

ઉણપ દેખાતી ન હતી. જેમને જે કામ મળ્યું તે પુરૂં કરી નાખ્યું-પછી કરશું તેવી વાત જ નહિ કેટલાક કાર્યકરોના ધ્યાનમાં વાત આવી કે મંદિરની સામે જ સમાજવાડીમાં જ મુખ્ય દ્વારની બાજુમાં એક રૂમ બનાવી નાખ્યો હોય તો આ રૂમ કાર્યાલય તરીકે વાપરી શકાય જયાંથી સમ્પૂર્ણ મહોત્સવનું સંચાલન આસાનીથી થઇ શકે. મોવડી મંડળની રજા મળતાં બે દિવસમાં જ રૂમ તૈયાર થઇ ગયો, દરવાજા-ખીડકી લાગી ગયાં, ચૂનો પોતાઇ ગયો, ટેબલ-ખુરશીઓ-કબાટ વગેરે આવી ગયાં અને વિધિવત કાર્યાલય પણ ચાલુ થઇ ગયું.

તા. ૧૦-૮-૮૯ પછી દરેક સમિતિઓ પોતાના ભાગે આવેલ કાર્યમાં લાગી ગઇ. દિવસ દરમ્યાન કરેલ કાર્યોની સમિક્ષા રાત્રે મોવડી મંડળ સામે કરવામાં આવતી. અને જરૂરી સૂચનાઓની આપલે કરી બીજે દિવસે પૂરજોશમાં કામે લાગી જતી. છેલ્લા બે દિવસ તો એમ જ લાગ્યું કે સમય થંભી ગયો છે કે શું ? સમય જ પસાર થતો ન હતો. કારણ એટલું જ કે દરેક સમિતિએ પોતાનું કાર્ય વ્યવસ્થિત અને સુચારૂ ઢંગથી કર્યું હતું કે વહેલું પતી ગયું.

